Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# ગુજરાત ક્રિકેટ એસોસિએશનનું ક્રિકેટના ક્ષેત્રે પ્રદાન

**Mr. Sugamkumar Bachubhai Rathod,**
PhD Scholar in History
Gujarat Vidyapith, Ahmedabad
Nr. Income Tax Office, Ashram Rd,
Ahmedabad, Gujarat 380014
Email ID: rathodsugam31@gmail.com

## સારાંશ

સમગ્ર દેશમાં ક્રિકેટની રમતનો ઉત્સાહ અને જોશ રહેલો છે. આજે અબાલ-વૃદ્ધ સૌ કોઈને આ રમત ખૂબ જ પ્રિય છે. ક્રિકેટ મેચ દરમ્યાન સૌ કોઈ કામકાજ છોડીને ટી.વી. સામે બેસી જતાં હોય છે. પરંતુ આ રમતનો ઈતિહાસ વિશે ખૂબ જ ઓછા લોકો જાણકાર હોય છે. આ રમત અંગ્રેજોની દેન છે. ભારતમાં ક્રિકેટ રમવાની શરૂઆત અંગ્રેજોએ કરી. શરૂઆતમાં અંગ્રેજ અધિકારીઓ અને દેશી રાજ્યો વચ્ચે મનોરંજન માટે રમતી હતી. લોકો આ રમત નિહાળતાં અને એમાં રસ દાખવતાં થયાં અને તેઓએ આ રમવાની શરુ કરી. ભારતમાં ઈ.સ. ૧૯૨૮ માં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની સ્થાપના થઇ અને ભારતમાં પદ્ધતિસર ક્રિકેટ રમવા લાગ્યું. આઝાદી બાદ ગુજરાતમાં ક્રિકેટનો ખૂબ જ વિકાસ થયો. ગુજરાતમાં ક્રિકેટનાં વિકાસ માટે ત્રણ ક્રિકેટ એસોસિએશન સ્થપાયાં. ઈ.સ. ૧૯૫૦ માં ગુજરાત ક્રિકેટ એસોસિએશનની સ્થાપનાં થઇ. ગુજરાત ક્રિકેટ એસોસિએશને પોતાના નિયંત્રણ નીચે ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનો ખોલ્યાં અને ગ્રામીણ ક્ષેત્ર સુધી યુવા પ્રતિભાને શોધવાનાં પ્રયાસો કર્યા છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશનનાં પ્રમુખ તરીકે ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કાર્ય કરેલું છે. આ એસોસિએશન અંતર્ગત આવતાં મેદાનોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચોની યજમાની પણ કરી છે. સરદાર પટેલ સ્ટેડીયમ મોટેરાનું ૨૦૨૦ માં પુર્નનિર્માણનું કાર્ય પૂર્ણ થતા જ વિશ્વનું સૌથી મોટા સ્ટેડીયમ તરીકેની ખ્યાતી મેળવશે. ગુજરાત ક્રિકેટ એસોસિએશને ભારતની રાષ્ટ્રીય ટીમમાં ઘણાં ક્રિકેટરો આપ્યાં છે. જેઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ દેખાવ કરી ગુજરાત રાજ્ય તથા ગુજરાત ક્રિકેટ એસોસિએશનને ગર્વની અનુભૂતિ કરાવી છે.

## ૧. પ્રસ્તાવના

"માનવીય ભાવનાઓનું ઉપાર્જન જેટલું ક્રિકેટની રમતમાં સંભવિત છે. તેટલું બીજી કોઈ રમતમાં સંભવિત નથી. ઉન્માદની સ્થિતિઓનો અભાવ, દાવ ખેલવાની અનેક તકો ખેલાડીઓમાં આત્મવિશ્વાસ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

અને પરસ્પર મિત્રતાની ભાવના ઉત્પન્ન કરવાની ક્ષમતા આ બધી વિશેષતાઓને કારણે ક્રિકેટને બીજી રમતોની તુલનામાં અદ્વિતિય સ્થાન પ્રાપ્ત થયું છે."

-ડૉ. ડબલ્યું જી. ગ્રેસ (ક્રિકેટના પિતામહ)

આજે આપણા દેશમાં ક્રિકેટ ફીવર ન ફક્ત શહેરના યુવાનો, વડીલોને જ નહિ પણ નાનાં-નાનાં બાળકોને પણ રોમાંચિત કરી રહ્યો છે. એટલું જ નહિ ગામડાંઓનાં લોકો પણ પાછળ રહ્યાં નથી. ક્રિકેટ મેચ જોવા માટે સુખી સમૃદ્ધ લોકો મહિનાઓ પહેલા ટીકીટ બુક કરાવે છે. જયારે ગરીબ લોકો બધા કામકાજ છોડીને તે દિવસે ટી.વી. નું સ્થાન આજના ટેક્નોલોજી યુગમાં મોબાઇલે લઇ લીધું છે. જેથી મેચ દરમ્યાન લોકો કોઈ પણ માધ્યમ દ્વારા મેચ નિહાળતા હોય છે. એક અધ્યયનથી જાણ થાય છે કે ભારતમાં રમત ગમતના વિવિધ રૂપોમાં ક્રિકેટ બધાંની ઉપર છે. તેનો નશો દિવસે-દિવસે વધતો જઈ રહ્યો છે.

ક્રિકેટ શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો બ્રિટીશ લોકો ક્રિકેટને તમામ રમતોનો રાજા ગણે છે. ઓક્સફર્ડમાં આવેલ બોડીલિયનનાં મળતાં અહેવાલ મુજબ પાદરી લોકો 'CRECKETT' નામની રમત રમતા હતા. ઈ.સ. ૧૭૭૦ની આસપાસ ક્રિકેટ રમવાની પદ્ધતિસર શરૂઆત થઇ. ત્યારબાદ ભારતમાં ક્રિકેટની શરૂઆત કરવાનો શ્રેય અંગ્રેજ અધિકારીઓને ફાળે જાય છે. જેમાં ભારતમાં ખાસ કરીને દેશી રાજ્યો અને અંગ્રેજો વચ્ચે ક્રિકેટ મેચરમવામાં આવતી હતી. ક્રિકેટનો વિકાસ થતાં દેશનાં વિવિધ રાજ્યોમાં પણ લોકપ્રિય બની હતી, જેમાં ગુજરાતમાં સૌ પ્રથમ ક્રિકેટ મેચ ઈ.સ. ૧૮૮૦ની સાલમાં સુરતનાં રાંદેર ગામમાં રમવામાં આવી હતી. બ્રિટીશ એજન્સીમાં નોકરી અર્થે આવતા સિવિલ અને મિલટરી યુરોપિયન અધિકારીઓ આ રમત ત્યારબાદના સમયગાળામાં  શરૂઆત કરી હતી. આમ, અંગ્રેજ અધિકારીઓ અને દેશી રાજ્યો વચ્ચે મનોરંજન માટે ક્રિકેટની મેચોનું આયોજન કરવામાં આવતું હતું અને દેશી રાજવીઓ અને લોકોએ આ રમતને સારા એવા પ્રમાણમાં પ્રોત્સાહન આપીને આવકારી હતી. જે આજના સમયમાં ગુજરાત તથા ક્રિકેટ એસોસિએશનનાં વિકાસ તથા તેમના ખેલાડીઓની પ્રતિભા જોઇને ક્રિકેટનો વિકાસ સમજી શકાય છે.

## ૨. ક્રિકેટનો પ્રારંભિક ઇતિહાસ

આ સવાલનો જવાબ આપવો કદાચ એટલો સરળ નથી કે ક્રિકેટની શરૂઆત ક્યાંથી થઇ? પરંતુ ક્રિકેટની બાઈબલ કહેવાતી 'વિઝડન' અનુસાર ક્રિકેટ રમતની શરૂઆત ૧૩મી શતાબ્દીમાં ઇંગ્લેન્ડમાં થઇ હતી. ૧૭૦૯ માં લંડન અને કેંટની ટીમો વચ્ચે પહેલી ક્રિકેટ મેચ રમાઈ હતી. પછી

E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ઈ.સ. ૧૭૧૦ થી કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય અને ઈ.સ. ૧૭૨૯ થી ઓક્સફર્ડ યુનિર્વિસટીમાં પણ ક્રિકેટ રમાવા લાગી. ક્રિકેટની લોકપ્રિયતા ઈંગ્લેંડમાં વધી, તો ઈંગ્લેંડમાં પ્રથમ ક્રિકેટ ક્લબની સ્થાપના થઇ. ઈ.સ. ૧૭૬૦ નો સમય ક્રિકેટનો 'સુવર્ણ અધ્યાય' માનવામાં આવે છે, જયારે પહેલીવાર ઈંગ્લેંડમાં ક્રિકેટ ક્લબની સ્થાપના થઇ. ક્લબનું નામ 'હેમ્બલડન ક્લબ' રખાયું. હેમ્બલડન ક્લબે ક્રિકેટના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

ઈ.સ. ૧૭૮૭ માં લંડનમાં લોડર્સ(Lord )માં "મેરિલબોન ક્રિકેટ ક્લબ" (Morylbone Cricket Culb) ની સ્થાપના થઇ. આ કલબની સ્થાપનાથી રમતની દિશા અને દશાને પાંખો લાગી ગઈ. ધીરે ધીરે આ ક્લબ ખુબ જ લોકપ્રિય બની અને આ રમત પર નિયંત્રણ રાખનાર સંસ્થા બની ગઈ. 'મેરિલબોન ક્રિકેટ ક્લબ' દિવસો વિતતા એટલી શક્તિશાળી બની ગઈ કે ફક્ત ઈંગ્લેંડમાં જ ક્રિકેટ રમત પર નિયંત્રણ રાખવા નહીં, પણ ઈંગ્લેંડનાં પાડોશી દેશોમાં પણ ક્રિકેટ પર એમનો એકાધિકાર કાયમ થઇ ગયો. એ કલબનાં નિયમ અને સાવચેતીઓ તે દેશોમાં ક્રિકેટની રમતમાં રખાવા લાગ્યાં, જે એક રીતે ક્લબ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલાં હતાં. ઈ.સ. ૧૮૮૭ માં ઈંગ્લેંડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઈંગ્લેંડમાં ક્રિકેટ મેચ થઇ. જ્યાંથી 'એશિઝ' પ્રારંભ થઇ. ધીરે ધીરે ક્રિકેટ રમતની લોકપ્રિયતા પશ્ચિમી દેશોમાં ફેલાતી ગઈ. હવે બીજા દેશો પણ આ રમત રમવા લાગી.

ઈ.સ. ૧૯૦૯ માં ઈંગ્લેંડમાં 'ઇંપિરિયલ ક્રિકેટ કોન્ફ્રેંસ' ની સ્થાપનાં થઇ. પાછળથી આ નામ બદલીને 'ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફ્રેંસ' રાખવામાં આવ્યું. આજે આ સંસ્થા સર્વ શક્તિમાન છે અને ક્રિકેટ પર નિયંત્રણ રાખનાર સંસ્થા છે. આને આઈ.સી.સી. ના નામે પણ ઓળખવામાં આવે છે એટલે કે આને 'ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ' કહે છે. 'ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ' વિશ્વભરમાં ક્રિકેટ પ્રતિયોગીતાઓ પર નિયંત્રણ રાખે છે.

❖ **ભારતમાં ક્રિકેટનો પ્રારંભિક ઇતિહાસ**

ક્રિકેટની રમત એ અંગ્રેજ રમત હોવાથી ક્રિકેટને ભારતમાં અંગ્રેજો લાવ્યાં હતાં. ત્યારે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. અહિયાં મોટા-મોટા ઓફિસરો અને અધિકારીઓ ક્રિકેટનો આનંદ લેતા હતા અને રમતા હતાં. ત્યારે ક્રિકેટ ભારતના ખાસ શહેરો અને રાજધાનીઓ સુધી જ સીમિત હતી. રાજા-મહારાજા ક્રિકેટ રમતા. રાજઘરાના અને અંગ્રેજોએ બનાવેલ મેદાનોમાં જ ક્રિકેટ રમાતી હતી. આ રમત ને જોવા માટે ભારતીય દર્શક આવતા હતાં. તેમને રમતમાં ખુબ જ રોમાંચનો અનુભવ થયો હતો. અંગ્રેજોની આ રમતને જોઇને ભારતીય લોકોએ પણ ક્રિકેટ રમવાનું શરુ કરી દીધું. ધીરે ધીરે આ રમત ભારતમાં લોકપ્રિય બની ગઈ.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

વિદેશી ટીમોમાં ભારતીય ખેલાડીઓ રમ્યા અને તેઓએ પોતાની ક્ષમતા અને યોગ્યતાનો પરિચય આપ્યો હતો. જયારે વિદેશી ટીમોમાં રમનાર ભારતીયો ખેલાડીઓનું પ્રદર્શન જોયું, ત્યારે તેઓને અલગ સ્વતંત્ર ટીમની સ્થાપનની જરૂર અનુભવવા લાગી. ઈ.સ. ૧૯૨૮ માં 'ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ' ની સ્થાપના થઇ. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની સ્થાપના થયાની સાથે જ ભારતીય ક્રિકેટ ખેલાડીઓનું સ્વપ્ન પૂરું થયું જે પોતાની અલગ ઓળખ બનાવવા ઈચ્છતા હતાં. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની સ્થાપના પછી ભારતે પ્રથમ મેચ ઈ.સ. ૧૯૩૨ માં ઇંગ્લેન્ડ વિરુદ્ધ રમી હતી. આ ટેસ્ટ મેચ હતી તેનું આયોજન લોર્ડસનાં મેદાનમાં થયું હતું. પ્રથમ એક દિવસીય મેચ ઇંગ્લેન્ડ વિરુદ્ધ ઈ.સ. ૧૯૭૪ માં હેંડિંગલી, લીડ્ઝમાં રમાઈ હતી.

**૩. ગુજરાતમાં ક્રિકેટ**

ગુજરાતમાં ઈ.સ. ૧૮૮૦ ની સાલમાં સુરત જિલ્લાનાં રાંદેર ગામમાં સૌપ્રથમ ક્રિકેટ રમાવાની શરૂઆત થઇ હતી. ત્યાંનાં મુસ્લીમ ભાઈઓ આ રમતમાં ખુબ જ રસ લેતાં હતાં. નિયમોના ખાસ જાણકાર ન હતાં પરંતુ સમય જતાં તેઓએ આ રમત વધુ પદ્ધતિસર અપનાવી. સ્થાનિક દાતાઓની સખાવતથી ઈ.સ. ૧૯૦૬ માં રાંદેર ઇસ્લામ જીમખાના અસ્તિત્વમાં આવ્યું. ૧૯૧૪ થી ૧૯૧૯ સુધીમાં તો આ જીમખાના ક્રિકેટની રમત માટે ભારતભરમાં મશહૂર થયું. આ જીમખાનાની ક્રિકેટ ઈલેવન બહાર રમવા જતી અને બહારની ટીમો અહી રમવા આવતી. આ જીમખાનાએ સર્વેશ્રી કાસમ અહમદ મુરાદ, અહમદ યુસુફ બોટાવાલા, મહમદ ઈસ્માઈલ શેખ અને ઈબ્રાહીમ ભામ જેવા જાણીતા ક્રિકેટરો તૈયાર કર્યા હતાં.

❖ **કાઠીયાવાડ ક્રિકેટ ક્લબ**

સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૮૮૦ સુધી ક્રિકેટની રમત પ્રચલિત ન હતી. બ્રિટીશ એજન્સીમાં નોકરી અર્થે આવતાં સિવિલ અને મિલીટરી યુરોપિયન અધોકારીઓએ આ રમત ઈ.સ. ૧૮૮૦ માં રાજકોટમાં શરુ કરી. રાજકોટની રાજકુમાર કોલેજનાં એ સમયનાં પ્રિન્સિપાલ મેકનોટન અવારનવાર ક્રિકેટ મેચ ગોઠવતાં અને સ્થાનિક યુરોપિયન અધિકારીઓ આ રમત રમતા. પાછળથી ગઢેચી ટીમ (ભાવનગર), ઝાલાવાડ ટીમ અને આલ્ફ્રેડ હાઇસ્કુલ, રાજકોટની ટીમ અસ્તિત્વમાં આવી. છ વર્ષમાં તો સૌરાષ્ટ્રમાં તેનો ખુબ જ પ્રચાર થયો. 'કાઠીયાવાડ ક્રિકેટ ક્લબ' નું ભારતનાં ક્રિકેટ ઇતિહાસમાં આગવું સ્થાન છે. ઈ.સ.૧૯૫૦માં 'કાઠીયાવાડ ક્રિકેટ ક્લબ' નું નામ બદલાવીને 'સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન' રાખવામાં આવ્યું. ઈ.સ. ૧૯૬૦ થી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનાં નિયંત્રણમાં આવ્યું.

❖ **વડોદરા ક્રિકેટ એસોસિએશન**

E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ઈ.સ. ૧૯૩૪ માં બરોડાનાં મહારાજ સયાજીરાવ ગાયકવાડે વડોદરા શહેરમાં ક્રિકેટની રજૂઆત કરી હતી અને મોતીબાગ સ્ટેડીયમએ બરોડા ક્રિકેટનું ઘર હતું. મહારાજા ફતેસિંહ ગાયકવાડ ઈ.સ. ૧૯૬૩ થી ૧૯૬૫ દરમિયાન બી.સી.સી.આઈનાં અધ્યક્ષ હતાં. તથા ઈ.સ. ૧૯૫૨ માં ભારતીય ટીમનાં મેનેજર તરીકે ઇંગ્લેન્ડ ગયા હતાં. બરોડા ક્રિકેટ એસોસિએશનનું સત્તાવાર જોડાણ ઈ.સ. ૧૯૩૭ માં થયું હતુ.

❖ **અમદાવાદમાં ક્રિકેટ**

ઈ.સ. ૧૯૧૯ પહેલાં અમદાવાદમાં ક્રિકેટની રમતને ખાસ સ્થાન આપવામાં આવેલ ન હતું. પરંતુ ગુજરાત કોલેજને આંગણે નોર્થ કોટ શિલ્ડનાં મેચ રમાય અથવા તો સ્થાનિક હિન્દુ જીમખાના કોઈ ત્યારે જ સારા ક્રિકેટ મેચ જોવા મળતાં. હિન્દુ જીમખાના પોતાની ઇલેવનમાં માત્ર હિન્દુને જ સ્થાન આપતી. જ્યારે ગુજરાત કોલેજ ઈલેવનમાં માત્ર કોલેજનાં વિધાર્થીઓ જ રમી શકતા. આવા સંજોગોમાં આ રમતનાં ઉત્કર્ષ માટે સાર્વજનિક સંસ્થાની જરૂર હતી. ઈ.સ. ૧૯૧૯ માં એ વખતનાં જાણીતા ક્રિકેટર શ્રી રમણીકલાલ પટેલ તરફથી આ મુશ્કેલી નિવારવા અને ક્રિકેટની રમત વધુ લોકપ્રિય બનાવવા પોતાના ભાઈ ગોરધનદાસ પટેલનાં સ્મરણાર્થે ‘ગોરધનદાસ કપ’ એનાયત કર્યો. ગોરધનદાસ ટુર્નામેન્ટમાં અમદાવાદની કોઈપણ ટીમ ભાગ લઈ શકતી. હાલ પણ આ ટુર્નામેન્ટ ખુબ જ લોકપ્રિય બનેલ છે. અને તેને લઈને અનેક ક્રિકેટ ક્લબ અસ્તિત્વમાં આવેલ છે.

ઈ.સ. ૧૯૨૦ માં સર ચિનુભાઈ બેરોનેટ તરફથી કવોડ્રેગ્યુલર (હિન્દુ, મુસ્લિમ, પારસી અને યુરોપિયન) મેચ માટે શિલ્ડ એનાયત કરવામાં આવેલ જેનાથી અમદાવાદનું ક્રિકેટ ધોરણ ઊંચું આવેલ અને આ રમત વધુ ને વધુ લોકપ્રિય બનતી ગઈ. સર ચિનુભાઈ બેરોનેટ તરફથી ક્રિકેટ ક્લબ સ્થાપવામાં આવેલી અને તે કલબનાં કોચ તરીકે જાણીતા બોમ્બે કવોડ્રેગ્યુલર ખેલાડી શ્રી એસ.આર. કોદામ્બેની સેવાઓ મળેલી. શરૂઆતમાં અમદાવાદમાં ક્રિકેટ રમવા માટે માત્ર ગુજરાત કોલેજ ગ્રાઉન્ડ તૈયાર કરેલુ હતું. આજે તો અમદાવાદની અનેક કોલેજને પોતાના મેદાનો છે. ઉપરાંત અમદાવાદ કોર્પોરેશન તરફથી ‘વલ્લભભાઈ પટેલ સ્ટેડીયમ’ તૈયાર કરેલ છે. જેમાં ટર્ફ વિકેટની સુવિધા છે.

**૪. ગુજરાત ક્રિકેટ એસોસિએશનનું ક્રિકેટના ક્ષેત્રે પ્રદાન**

“ક્રિકેટનાં વારસાને જીવંત રાખવા માટે ઉત્સાહી સભ્યોની ટીમે જે પાયો નાંખ્યો છે. ગુજરાત રાજ્યમાં ક્રિકેટના વિકાસ અને સંગઠન માટે જી.સી.એ (ગુજરાત ક્રિકેટ એસોસિએશન) સંચાલક મંડળ છે. એક મંચ જેણે ખુબ પ્રતિભાશાળી યુવાનોને ભારતનું પ્રતિનિધિત્વ કરવાની અને ગર્વ લેવાની તક આપી!”

-ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ઈ.સ. ૧૯૩૪ માં રણજી ટ્રોફીની સ્પર્ધા શરુ થતાં 'ગુજરાત ક્રિકેટ એસોસિએશન' ની સ્થાપના થઇ. ઈ.સ. ૧૯૫૦ માં 'ગુજરાત ક્રિકેટ એસોસિએશન' સ્થાપ્યું અને ભારતનાં ક્રિકેટ બોર્ડનાં નિયંત્રણ હેઠળ ઈ.સ. ૧૯૬૦ માં આવ્યું. જેનું મુખ્ય મથક સરદાર પટેલ સ્ટેડીયમ, મોટેરા અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું હતું. ગુજરાત ક્રિકેટ ટીમ એ ભારતની વિવિધ ક્રિકેટ ટુર્નામેન્ટોમાં ગુજરાત ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરે છે.

ગુજરાત ક્રિકેટ એસોસીએશનએ ભારતનાં ગુજરાત રાજ્ય અને ગુજરાત ક્રિકેટ ટીમની ક્રિકેટ પ્રવૃતિઓની સંચાલક મંડળ છે. તે ભારતનાં ક્રિકેટ બોર્ડનાં નિયંત્રણ સાથે જોડાયેલું છે. બી.સી.સી.આઈ. નાં સભ્ય તરીકે તેણે રાજ્યનાં કાર્યક્રમોમાં ભાગ લેવા માટે ખેલાડીઓ, અમ્પાયરો અને અધિકારીઓની પસંદગી કરવાનો અને ગુજરાતમાં તેમના પર સંપૂર્ણ નિયંત્રણનો ઉપયોગ કરવાનો અધિકાર છે. તેની માન્યતા વિના ગુજરાત અને ભારત રાજ્યમાં જીસીએ કરારવાળા, ખેલાડીઓ સાથે કોઈપણ સ્પર્ધાત્મક ક્રિકેટ આયોજન કરી શકાશે નહીં.

ગુજરાત ક્રિકેટ એએસોસિએશનનાં પ્રમુખ તરીકે ભારતનાં માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ઉપપ્રમુખ તરીકે ધનરાજ નાથવાણી કાર્યરત છે. આ એસોસીએશનનાં પૂર્વ પ્રમુખ તરીકે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ પણ ભૂમિકા ભજવી હતી. એ પહેલાં શ્રી નરહરિભાઈ અમીન પ્રમુખ તરીકે રહી ચુકેલાં હતાં. ગુજરાતનાં ખ્યાતનામ ક્રિકેટ શોખીન શ્રી રતીલાલ ખુશાલદાસ પટેલ ઈ.સ. ૧૯૫૮-૫૯ વર્ષમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનાં પ્રમુખ તરીકે વરણી પામ્યાં હતાં.

ગુજરાત ક્રિકેટ એસોસિએશનની ગુજરાત ક્રિકેટ ટીમ ક્રિકેટમાં તેનું પ્રતિનિધિત્વ કરે છે. અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લે છે. જેમાંથી ઈ.સ. ૧૯૫૦-૫૧ માં રણજી ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. જે મેચ બોમ્બે વિરુદ્ધ ઈન્દોરમાં રમાયેલી હતી. તેમનો બીજો સર્વશ્રેષ્ઠ દેખાવ ૬૬ વર્ષ પછી સીઝન ૨૦૦૦-૦૧ માં આવ્યો હતો. કેપ્ટન પાર્થિવ પટેલ ૯૦ અને ૧૪૩ રન બનાવ્યાં અને ૫ વિકેટથી ટીમે ફાઈનલમાં જીત અપાવી હતી. વિજય હજારે ટ્રોફીમાં ગુજરાતે સીઝન ૨૦૧૫-૧૬ માં દિલ્લીને ૧૩૯ રને હરાવી પોતાનું પહેલું ટાઈટલ જીત્યું હતું. ૨૦૦૭-૦૮ માં ગુજરાતે રેલવેને હારાવીને તેમનો પ્રથમ રણજી ટ્રોફી પ્લેટ લીગનો ખિતાબ જીત્યો. ગુજરાત હાર-જીતની પરિસ્થિતિમાં હતું અને ૬ અને ૪ અને તે હાર્યું. ગુજરાતે ૨૦૦૧ માં સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં ફાઈનલમાં પંજાબને ૪ વિકેટથી હરાવીને વિજેતા બન્યું હતું. આ ઉપરાંત સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં સીઝન ૨૦૧૪-૧૫ માં ગુજરાત બીજીવાર વિજેતા બન્યું. ગુજરાત ક્રિકેટ ટીમનાં હાલનાં કપ્તાન પાર્થિવ પટેલ અને ઉપકપ્તાન પ્રિયંક પંચાલ છે તથા વિજય પટેલ ક્રિકેટ ટીમનાં કોચ તરીકે કાર્યરત છે.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2582 – 046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ગુજરાત ક્રિકેટ એસોસિએશનની નીચે તેનાં ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનો પણ જોડાયેલાં છે. જે ભારતીય ક્રિકેટ કંટ્રોલનાં નિયત્રણમાં નહિ પરંતુ ગુજરાત ક્રિકેટ એસોસીએશનનાં નિયંત્રણ અંતર્ગત આવે છે. જેની યાદી નીચે પ્રમાણે છે.

- પંચમહાલ ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- દમણ ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- દાદરા નગર હવેલી ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- બનાસકાંઠા ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- ખેડા ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- ભરૂચ ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- આણંદ ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન
- ગાંધીનગર ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન

ઉપરોક્ત ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશન ગુજરાત ક્રિકેટ એસોસિએશનનાં નિયંત્રણમાં કાર્ય કરી ગ્રામીણ તથા અન્ય શહેરોમાં ક્રિકેટની પ્રતિભાઓને વિકસિત તથા આગળ વધારવામાં મદદ તથા પ્રેરિત કરે છે. આવા એસોસીએશન માંથી જ યુવા ક્રિકેટ પ્રતિભાઓનો જન્મ થાય છે. ખેડા ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનમાંથી અક્ષર પટેલ ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં સ્થાન પામ્યાં હતાં અને ભારતનું પ્રતિનિધિત્વ કરી શક્યાં હતાં.

ગુજરાત ક્રિકેટ એસોસીએશનનાં પોતાનાં માલિકીનાં તથા નિયંત્રણ નીચે કેટલાંક ક્રિકેટ મેદાનો પણ આવેલાં છે. જેમાંથી આંતરરાષ્ટ્રીય મેચોનું પણ આયોજન થતું રહેતું હોય છે.

**❖ ગુજરાત ક્રિકેટ એસોસિએશનનાં હોમ ગ્રાઉન્ડ**

**૧. સરદાર પટેલ સ્ટેડીયમ, અમદાવાદ**

સામાન્ય રીતે મોટેરા સ્ટેડીયમ તરીકે ઓળખતાં સરદાર પટેલ સ્ટેડીયમ ભારતનાં મુખ્ય ક્રિકેટ સ્ટેડીયમ તરીકે ગણના પામેલું છે. અમદાવાદનાં મોટેરા વિસ્તારમાં આવેલું આ મેદાન ગુજરાત ક્રિકેટ એસોસિએશનની માલિકીનું છે. આ મેદાન દિવસ અને રાતની રમતો માટે ફ્લડલાઇટથી સજ્જ છે. આ મેદાન ટેસ્ટ ક્રિકેટ અને વન ડે આંતરરાષ્ટ્રીય મેચનું નિયમિત સ્થળ છે. ૨૦૧૬નાં અંતમાં સંપૂર્ણપણે તોડી પાડ્યાં બાદ હાલમાં તેનો પુનર્વિકાસ થઇ રહ્યો છે. નવું સ્ટેડીયમ વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડીયમ હશે, જેમાં ૧,૧૦,૦૦૦ દર્શકોની બેઠક ક્ષમતા ધરાવતું હશે. જે ઓસ્ટ્રેલિયાનાં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડને પાછળ છોડી દેશે. વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ બનાવવાનું સપનું તત્કાલીન પ્રમુખ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવ્યું હતું. જેનું અત્યારે પુર ઝડપે પુનર્નિર્માણનું કાર્ય શરુ કરવામાં આવ્યું છે અને ૨૦૧૯ માં પૂર્ણ કરવામાં આવશે તથા ૨૦૨૦થી તેને ખુલ્લું મુકવામાં આવશે.

સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે ૧૨ ટેસ્ટ મેચ, ૨૩ વન ડે મેચ અને ૧ ટ્વેન્ટી-ટ્વેન્ટી મેચનું આયોજન કરી ચુક્યું છે. જેમાંથી ૫ મેચો વિશ્વકપની મેચો હતી જે ૧૯૮૭, ૧૯૯૬ તથા ૨૦૧૧ની મેચ હતી. ભારતમાંથી સૌથી વધુ વન ડે મેચ રમાય હોય તેવા મેદાનોમાં મોટેરા દ્વિતીય ક્રમે છે. ૨૦૧૧ માં રમાયેલી વિશ્વકપની ક્વાર્ટર ફાઈનલ મેચમાં આ મેદાનમાં ૫૧,૦૦૦ દર્શકોએ મેચ નિહાળી હતી જે અત્યારસુધી આ મેદાનમાં સૌથી વધુ હતી. ૨૦૦૬ માં આઈ.સી.સી. ચેમ્પિયન ટ્રોફીની આવૃત્તિ માટેનું એક સ્થળ આ સ્ટેડીયમ હતું. ૧૫ રમતો માંથી ૫ રમતો અહીં રમાય હતી. ૧૯૯૬ નાં વિશ્વકપની પ્રથમ મેચ ઈંગ્લેંડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે આ મેદાન ખાતે રમાય હતી. ઈ.સ. ૧૯૮૩ થી ગુજરાત અને ભારતની ક્રિકેટ ટીમ અહીંની ભાડૂંતો ક્રિકેટ ટીમ બની હતી. તદુપરાંત ૨૦૧૦ અને ૨૦૧૪ આઈ.પી.એલ. અંતર્ગત રાજસ્થાન રોયલ્સ પણ ભાડૂંત તરીકે રહી ચૂકી છે. દેશમાં યોજાતાં ક્રિકેટની મહત્વની ટુર્નામેન્ટોમાં આ મેદાનની ભાગીદારી અચૂક રહેલી હોય છે.

**૨. સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેડીયમ, અમદાવાદ**

સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેડીયમએ ભારતનું સ્પોટર્સ સ્ટેડીયમ છે. જે ગુજરાતનાં અમદાવાદનાં નવરંગપુરા વિસ્તારમાં સ્થિત છે. તેને ‘સ્પોટર્સ ક્લબ ઓફ ગુજરાત’ સ્ટેડીયમ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં રમાયેલી પ્રથમ વન ડે આંતરરાષ્ટ્રીય મેચનું યજમાન થવાનું સન્માન આ મેદાન ધરાવે છે. ઈ.સ. ૧૯૮૨ માં મોટેરામાં સમાન નામ વાળું નવું મેદાન તૈયાર કરવામાં આવ્યું ત્યારથી આ મેદાનનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય રમત માટે કરવામાં આવતો નથી. આ મેદાન ગુજરાત ક્રિકેટ ટીમનાં ઘરેલું મેદાન છે જે રણજી ટ્રોફીની સ્થાનિક ટુર્નામેન્ટમાં રમે છે. તે દિવસ અને રાતની રમતો માટે ફ્લડલાઇટથી સજ્જ છે. અને ભારતીય સ્થાનિક ક્રિકેટ સિઝન માટેનું નિયમિત સ્થળ છે. આ ઉપરાંત ગુજરાત સરકારનાં કાર્યક્રમોનું આયોજન પણ કરવમાં આવે છે.

આ મેદાન ઈ.સ. ૧૯૬૦ માં તૈયાર થયું હતું. જેની દર્શક ક્ષમતા ૫૦,૦૦૦ ની છે. અને અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની માલિકીપાણા નીચે આવેલ છે. ચાલ્સ કોરિયા મેદાનનાં આર્કિટેક્ટ હતાં. ગુજરાત ક્રિકેટ ટીમ તથા ગુજરાત સરકાર આ મેદાનનાં ભાડૂંતો છે. પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ ૨૫ નવેમ્બર, ૧૯૮૧ માં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાય હતી. આ ઉપરાંત ૧૯૮૩ અને ૧૯૮૫ માં મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ પણ યોજાઇ હતી.

**૩. સી.બી.પટેલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડીયમ, સુરત**

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન તથા ગુજરાત ક્રિકેટ એસોસીએશનના વડા નરેન્દ્ર મોદીએ નવેમ્બર ૨૦૦૯ માં આ મેદાનનો પાયો નાંખ્યો હતો. આ મેદાનને ક્રિકેટ પ્રેમિ શ્રી કમલેશ પટેલ તરફથી ૫ કરોડ ધન મળ્યું અને મેદાન નું કામ શરુ કરવામાં આવ્યું. ૩૫૦૦૦ દર્શકોની ક્ષમતા વાળા આ મેદાનનું ઉદઘાટન ફેબ્રુઆરી ૨૦૧૧ માં તત્કાલીન મુખ્યપ્રધાન અને ગુજરાત ક્રિકેટ એસોસીએશનના વડા નરેન્દ્રમોદીના હસ્તે કરાયું હતું.

**૪. બીલખીયા સ્ટેડીયમ, વાપી**

બિલખીયા સ્ટેડીયમ અથવા જી.એસ. બિલખીયા સ્ટેડીયમએ ભારતના વાપીમાં આવેલું ક્રિકેટનું મેદાન છે, આ મેદાન પર ૨૦૦૨ માં રમાયી આ મેદાન પર મહિલા ટેસ્ટ મેચ અને મહિલા વન-ડે મેચોનું આયોજન થાય છે. નવેમ્બર ૨૦૦૩ માં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મહિલા ટેસ્ટ મેચનું આયોજન થયું હતું, તથા ડીસેમ્બર ૨૦૧૪ માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મહિલા વનડે મેચ રમાય હતી.

**૫. લાલભાઈ કોન્ટ્રાક્ટ સ્ટેડીયમ, સુરત**

સુરત ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનની માલિકીનું આ ક્રિકેટ સ્ટેડીયમ ખાતે ઈ.સ. ૧૯૯૩ માં પ્રથમ મેચ દુલીપ ટ્રોફી દરમ્યાન વેસ્ટ ઝોન અને ઈસ્ટ ઝોન વચ્ચે રમાઈ હતી. આ મેદાન પર રણજી ટ્રોફી ઈરાની કપ તથા દુલીપ ટ્રોફી સહીત ૨૦ વર્ષોમાં ૧૫ ક્રિકેટ મેચ આયોજિત થઇ હતી. આ મેદાન પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું આયોજન પ્રથમવાર દક્ષિણ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમનાં ૨૦૧૯ નાં ભારત પ્રવાસ દરમ્યાન થયું હતું. ૬૦૦૦ દર્શકોની ક્ષમતા ધરાવતા આ મેદાનમાં પાંચ આંતરરાષ્ટ્રીય મહિલા ટ્વેન્ટી-ટ્વેન્ટી ક્રિકેટ મેચ યોજાઈ હતી.

**૬. સરદાર પટેલ સ્ટેડીયમ, વલસાડ**

ગુજરાતનાં વલસાડમાં સ્થિત આ મેદાન પર ફક્ત સ્થાનિક ક્રિકેટ ટુર્નામેન્ટનું જ આયોજન થાય છે. આ મેદાન વલસાડ ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનની માલિકીનું છે, જે ગુજરાત ક્રિકેટ એસોસિએશન સાથે જોડાયેલ છે.

**❖ ગુજરાત ક્રિકેટ એસોસિએશનનાં ક્રિકેટરો**

| | | | |
|---|---|---|---|
| ૧. વિનુ માંકડ | ૨. નારી કોન્ટ્રાક્ટર | ૩. જશુ પટેલ | ૪. પાર્થિવ પટેલ |
| ૫. દીપક શોધન | ૬. અક્ષર પટેલ | ૭. મનપ્રીત જુનેજા | ૮. જસપ્રીત બુમરાહ |
| ૯. પ્રિયંક પંચાલ | ૧૦. ભાર્ગવ મેરાઈ | ૧૧. સ્મિત ગોહેલ | ૧૨. રશ કાલરીયા |

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

ઉપરોક્ત ક્રિકેટરો ભારતની રાષ્ટ્રીય ટીમ તથા સ્થાનિય પેટા ટીમમાં સ્થાન પામેલ છે. આ ઉપરાંત અન્ય ખેલાડીઓ પણ આતંરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્થાન મેળવી ગુજરાત ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરવાનાં પ્રયાસો કરે છે.

**૫. સમાપન**

ઈ.સ. ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપનાં બાદ ગુજરાત રાજ્યે ક્રિકેટ ક્ષેત્રે અસાધ્ય પ્રગતિ સાધી છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશન તથા તેના સાથી ડીસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનોએ યુવા પ્રતિભાને અવસર અને પ્રોત્સાહન આપીને તેમને આગળ વધવા એક મંચ તૈયાર કરી આપ્યું છે. એસોસિએશન અંતર્ગત આવતાં મેદાનોમાં આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય મેચોનાં આયોજનમાં પૂર્ણપણે સહકાર આપ્યો છે અને તેનું સરસ આયોજન પણ કરેલું છે. જુન ૨૦૧૬ થી માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનાં પ્રમુખપણા નીચે એસોસિએશનનો ખુબ જ વિકાસ થયો છે. ગુજરાતમાંથી ક્રિકેટની યુવા પ્રતિભાઓને ઓળખીને તેમને આગળ રમવા પ્રોત્સાહન અને મંચ તૈયાર કરી આપવું એ જ ગુજરાત ક્રિકેટ એસોસિએશનો ધ્યેય રહેલો છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# સંદર્ભસૂચી

1. પુરાણી. અંબુભાઈ. ૧૯૮૦. મેદાની રમતો વ્યાયામ વિજ્ઞાન કોષ-૩. રાજપીપળા: ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ.
2. ભટ્ટ. ભરત. ૨૦૦૧. ક્રિકેટ જગતની અજબ-ગજબ. રાજકોટ: પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
3. શ્રીવાસ્તવ. સુરેન્દ્ર. ૨૦૧૮. ક્રિકેટ: રમત અને નિયમો. (અનુ.) એકતા રવિ ભટ્ટ. અમદાવાદ: બાલવિનોદ પ્રકાશન.
4. ગાંધી. દશરથ. ૧૯૭૬. ક્રિકેટ જગતમાં ડોકિયું. ભાગ: ૧-૪. અમદાવાદ: જીજ્ઞેશ પ્રકાશન.
5. પોલીસવાળા. પી. એન.. ૧૯૧૪. હિંદની ક્રિકેટ તવારીખ. સુરત: જૈન પ્રિન્ટીંગ પ્રેસ.
6. હાથી. મનહરભાઈ. ૧૯૬૯. ક્રિકેટ. રાજકોટ: શ્રી ગાયત્રી પ્રિન્ટીંગ પ્રેસ.
7. ખોયાણી. ભાવના પી.. ૨૦૧૧. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સૌરાષ્ટ્રમાં ક્રિકેટનો ઉદ્દભવ અને વિકાસ. રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સીટી. (અપ્રકાશિત મહાનિબંધ)
8. थानी. योगराज. २००४. भारत के रत्न खिलाड़ी. नई दिल्ही: स्पोर्ट्स पब्लिकेशन.
9. Dharma. Raja. 1982. India in world Sports. New Delhi: Ministry of Information and Broadcasting. Gov. of India.
10. https://en.wikipedia.org/wiki/Gujarat_Cricket_Association&prev